ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ભારતીબેન ખત્રી
મો. ૯૮૨૫૪ ૬૯૯૬૨



સ્વાતિ કિરણકુમાર કડિયા
મો. ૯૪૨૬૫ ૧૯૬૭૪



પૂર્વ પાલવિયા
મો. ૯૯૦૪૫ ૮૨૪૩૫



સૌમ્ય પાલવિયા
મો. ૯૯૦૪૫ ૮૨૪૩૫

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### આપણું ફાઉન્ડેશન તથા સ્કાય ગૃપ દ્વારા સમાજસેવાનું ઉમદા કાર્ય

# ૧૫૦૦ અકિંચન બાળકોનું ફ્રી મેડિકલ ચેક-અપ









ગાંધીનગર, તા. ૭

આપણું ફાઉન્ડેશન તથા સ્કાય ગૃપ દ્વારા ગાંધીનગર ખાતે રવિવારના રોજ ફ્રી મેડીકલ તથા ડેન્ટલ ચેક-અપ કેમ્પ યોજાયો હતો. આ પ્રોજેક્ટનું નામ "Project Loving Arms" હતું, જે અંતર્ગત ગાંધીનગરના તમામ શ્રમિક વર્ગના બાળકોનું ફ્રી મેડીકલ તથા ડેન્ટલ ચેક-અપ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના અલગ અલગ વિસ્તાર જેવા કે આદીવાડા, ચરેડી, ફતેહપુરા, ગોકુલપુરા, ઘ-૬, સેક્ટર-૬, સેક્ટર-૧૬ તથા સેક્ટર-૨૦માં એક સાથે કેમ્પ યોજવામાં આવ્યા હતા. આ કેમ્પ માં કુલ ૧૫૦૦થી વધારે બાળકોનાં ચેક-અપ કરવામાં આવ્યા, જે માટે કુલ ૫૦થી વધારે ડોક્ટર્સ, ૫૦થી વધારે ડેન્ટીસ્ટ સાથે ૨૦૦થી વધારે સ્વયંસેવકોએ પોતાની સેવા પૂરી પડી હતી.

કેમ્પમાં ચેક-અપની સાથે સાથે બાળકોને અલગ અલગ રમતો રમાડી તેમને મનોરંજન પૂરું પડાયું હતું અને તેમને આશ્વાશન ઈનામ પણ આપવામાં આવ્યાં હતાં. બાળકો માટે લીંબુ સરબત તથા નાસ્તો પણ રાખવામાં આવ્યો હતો.આ કેમ્પમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, નગરસેવક રમીલાબેન વાઘેલા, પ્રદીપસિંહ વાઘેલા જોડાયા હતા અને આપણું ફાઉન્ડેશન તથા સ્કાય ગૃપને આવા ઉમદા પ્રયાસ બદલ અભિનંદન પણ આપ્યા હતા.

આ કેમ્પમાં જનરલ ચેક-અપ માટે તબીબી સહયોગ ગાંધીનગર મહાનગરપાલિકા તથા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવ્યો હતો. ગાંધીનગરના હેલ્થ ઓફિસર ડૉ. ડી એન બારોટ સાથે તેમની ટીમ તથા GMERS કોલેજના અશ્વિનભાઈ ગોર, ડૉ. ભાવેશભાઈ મોદી તથા તેમની ટીમ દ્વારા ખૂબ સારો સહયોગ પ્રાપ્ત થયો હતો. સાથે સાથે આ સેવામાં ડો. જીગર કુબાવત, ડો. સુકેતુ શાહ તથા ડો.નીરવ નાણાવટી તથા તેમની ટીમ પણ જોડાયા હતા. અને ડેન્ટલ ચેક-અપ માટે કર્ણાવતી ડેન્ટલ કોલેજ, ઉવારસદ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

### યુનિવર્સલ પથ સંસ્થા દ્વારા

# મનાલીમાં એડવેન્ચર કેમ્પ



## ૧૮ જેટલા સાહસિકોએ બરફાચ્છાદિત ૧૪,૫૦૦ ફૂટ ઊંચું બૃગુલેક શિખર સર કર્યું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરની યુનિવર્સલ પથ સંસ્થા દ્વારા ૨૪ મે થી ૧ જૂન દરમ્યાન મનાલી ખાતે એડવેન્ચર કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ૬૦ જેટલા શિબિરાર્થીઓ જોડાયા હતા. આ પૈકી ૧૮ જેટલા સાહસિકોએ બરફાચ્છાદિત ૧૪,૫૦૦ ફૂટ ઊંચું બૃગુલેક શિખર સર કર્યું હતું. કેમ્પ દરમ્યાન ટ્રેકિંગ, માઉન્ટેન વૉક, જંગલ ટ્રેકિંગ, કલાઈમ્બિંગ, રેપલીંગ, રિવર ક્રોસિંગ, રિવર રાફ્ટીંગ, હાઈ એલ્ટીટ્યુડ ટ્રેકિંગ, કેમ્પ ફાયર, કલ્ચરલ પ્રોગ્રામ, સાઈટ સીઈંગ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. કેમ્પનો મુખ્ય હેતુ પોતાની આંતરિક તેમજ બાહ્ય શક્તિઓને જાગ્રત કરી આત્મવિશ્વાસ કેળવવાનો અને ભ્રાતૃભાવના, નીડરતા અને સાહસિકતાના ગુણો કેળવવાનો હતો. સંસ્થાના ડિરેક્ટર જતિન દવે તથા કુલદીપ બારડે કેમ્પના અંતે શિબિરાર્થીઓને પ્રમાણપત્રો સાથે શુભકામનાઓ અર્પણ કરી હતી.

# બાઈકિંગ ક્વિન્સ નેપાળમાં



ગાંધીનગર, તા. ૭

'ઓલ વિમન ૧૦ નેશન રાઈડ'નો પશુપતિનાથ મંદિર કે જે કાઠમંડૂના પૂવીય વિસ્તારમાં બાગમતી નદીના કિનારે આવેલું છે, તેની મુલાકાત પછી નેપાળના કાઠમંડૂ સ્થિત ભારતીય દૂતાવાસથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. નેપાળ સ્થિત ભારતીય દૂતાવાસના હીઝ એક્સેલન્સી રણજીત રાયે આ ચારેય બાઈકીંગ ક્વીન્સને તેમના અન્ય દેશોના રાઈડ માટે આશિર્વાદ પાઠવ્યા હતા. પ્રથમ દિવસે આ ચારેય બાઈકીંગ ક્વીન્સ કાઠમંડૂથી ૨૫૦ કિમી દૂર આવેલા નેપાળના જ બાર્બીડાસ ખાતે રાઈડ કરીને જશે. નેપાળની લગભગ ૬-૭ બાઈકીંગ ક્લબ્સ આ બાઈકીંગ ક્વીન્સની સાથે નેપાળમાં આજની તેમની રાઈડ દરમિયાન સાથ આપશે અને "બેટી બચાવો બેટી પઢાઓ"ના સમર્થનમાં તેમનો ટેકો દર્શાવશે. તા. ૫મી જૂન ૨૦૧૬ના રોજ કાઠમંડૂ પહોંચ્યા પછી આ બાઈકીંગ ક્વીન્સે કાઠમંડૂ સ્થિત ઉચ્ચ સત્તાધિશો તેમજ મહાનુભાવોની મુલાકાત લીધી હતી. નેપાળનાં પ્રથમ મહિલા વડા બિધ્યા દેવી ભંડારી મહિલા બાઈકર્સના આ જૂથને મળ્યા હતા, બાઈકીંગ ક્વીન્સે આદરણીય અધ્યક્ષા શ્રીમતી બિધ્યા દેવી ભંડારી સમક્ષ તેમના વિચારો વ્યક્ત કર્યા હતા, જેમ કે પછાત કન્યાને વિનામૂલ્યે શિક્ષણ પુરૂં પાડવું અને કન્યાઓમાં શિક્ષણના પ્રોત્સાહન માટે ભોજન પુરૂં પાડવું. જેના પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું હતું કે માટે તેઓ પ્રયાસ હાથ ધરશે અને નેપાળમાં આમાંથી ક્યા સૂચનોનો અમલ થઈ શકે તેમ છે તે વિશે ચકાસણી કરશે. આ ૪ બાઈકીંગ ક્વીન્સને મળવા માટે નેપાળની વિવિધ સ્વાયત્ત સંસ્થાઓના વડાઓ પણ આવી પહોંચ્યા હતા.

ફીમેલ બાઈકિંગ કલબ 'બાઈકિંગ ક્વીન્સ'ની સ્થાપક ડૉ. સારિકા મેહતાના નેતૃત્વ હેઠળ ઉત્સાહી ૪ મહિલા બાઈકર્સનું એક જૂથ સૌપ્રથમ વખત ઓલ વિમન ૧૦ નેશન રાઈડ પર જઈને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં જઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "બેટી બચાવો, બેટી પઢાવો" અભિયાનનો પ્રચાર કરનાર છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા તેમના પ્રસ્થાન કાર્યક્રમ પછી અને તા. ૪ જૂન ૨૦૧૬ના રોજ ગીનેસ વર્લ્ડ રેકોર્ડસમાં સૂરત ખાતે એક રેકોર્ડ નોંધાવીને ૪ બાઈકીંગ ક્વીન્સ ડૉ. સારિકા મહેતા, યુગ્મા દેસાઈ, દુરિયા તાપિયા અને ખ્યાતિ દેસાઈ તા. ૫મી જૂન ૨૦૧૬ના રોજ નેપાળના પાટનગર કાઠમંડુ ખાતે પહોંચી ગયા છે. રાઈડનું આયોજન બેટી બચાવો બેટી પઢાઓ સમિતી, ભારતીય જનતા પાર્ટી - ગુજરાતના ઈનચાર્જ ધારાસભ્ય જનક પટેલ અને સુરતની બાઈકિંગ ક્વીન્સ દ્વારા કરવામાં આવ્યું છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૩૦, ૪.૩૦,
૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
હાઉસફૂલ ૩
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
નિન્જા ટર્ટલ્સ (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૪૫
નિન્જા ટર્ટલ્સ (૩ડી હિન્દી)
૩.૧૫, ૧૦.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરબજીત
૬.૪૫
વિરપ્પન
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાઉસફૂલ ૩
૧૦.૦૦, ૨.૩૦,
૫.૩૦, ૮.૩૦

## હરિનગર સોસાયટીના તેજસ્વી તારલા

ગાંધીનગર, તા. ૭

હરિનગર સોસાયટી, વાવોલમાં રહેતા અને દુકાનમાં નોકરી કરતા ગરીબ પરિવારના હસમુખભાઈ વાણાંદના સુપુત્ર યક્ષકુમારે માર્ચ, ૨૦૧૬માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૫.૦૬ પર્સેન્ટાઈલ મેળવીને સોસાયટી તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

આ જ પ્રકારે દાબેલીની લારી ચલાવતા દિનેશભાઈ પ્રજાપતિની સુપુત્રી પૂજાબેને માર્ચ, ૨૦૧૬માં લેવાયેલી સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૯.૨૫ માર્ક્સ મેળવી સોસાયટી અને પરિવારનું ગૌરવ વધાર્યું છે.

સમગ્ર સોસાયટી તરફથી આ બંને તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# આપણે માતા ગાંધારીની જેમ આંખે પાટા બાંધી લીધા છે ?

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**

આપણે સૌ જાણીએ છીએ કે ધૃતરાષ્ટ્ર પત્ની અને કૌરવોની માતા ગાંધારીએ પોતાના લગ્ન પછી પોતાની બંને આંખો ઉપર કાળી પટ્ટી બાંધી લીધી હતી. ગાંધારીએ પોતાના સંસારજીવન દરમ્યાન માત્ર એક જ વાર પોતાની આંખો ઉપરની પટ્ટી ખોલી હતી અને પોતાનાં ચક્ષુઓ દ્વારા સંસારદર્શન કર્યુ હતું. પોતાની આંખો ઉપરની પટ્ટી છોડવાની હતી ત્યારે ગાંધારીએ પોતાના જયેષ્ઠ પુત્ર દુર્યોધન ને સૌ પ્રથમ નિહાળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. દુર્યોધનને એવો નિર્દેશ આપવામાં આવ્યો હતો કે તે પોતાની માતા ગાંધારી સમક્ષ નિર્વસ્ત્ર ઉપસ્થિત થાય. વર્ષોથી ગાંધારીની આંખે પાટા બાંધ્યા હતા એટલે તેની આંખોમાં, તેની દૃષ્ટિમાં તેજ અને શક્તિ સંચિત થયા હતા. ગાંધારીની આંખો ખુલતા જ એ સંચિત થયેલા તેજ અને શક્તિ પોતે પોતાના પુત્ર દુર્યોધનનાં શરીરમાં સંચરિત કરવા ઈચ્છતા હતા. જો આમ થાય તો દુર્યોધનનું શરીર પાષાણ જેવું બની જાય અને તેનો વધ કોઈ જ ના કરી શકે,



મહાભારતના યુધ્ધમાં દુર્યોધન અપરાજેય રહે.

આ સમયે શ્રીકૃષ્ણએ દુર્યોધનને એવો નિર્દેશ આપ્યો કે યુવાન પુત્ર માતા સમક્ષ સંપૂર્ણ નિર્વસ્ત્ર ઉપસ્થિત થાય એ શોભાયમાન ના ગણાય અને સંસ્કરિતા ના ગણાય. આ સૂચનને માન્ય રાખી દુર્યોધન માત્ર એક લંગોટ પહેરીને માતા ગાંધારી સમક્ષ ઉપસ્થિત રહ્યા. ગાંધારીએ આંખેથી પાટો હટાવ્યો. આંખો ખોલી અને પહેલી દ્રષ્ટિ દુર્યોધન ઉપર કરી. આંખોમાંથી તેજશક્તિનો પ્રવાહ વહ્યો જે દુર્યોધનનાં શરીરમાં પ્રવેશ્યો અને દુર્યોધનનું શરીર બળવત્તર બની ગયું. શક્તિ તેના શરીરમાં સંચરીત થઈ. લંગોટ પહેરવાને કારણે દુર્યોધનની બંને જાંઘો શરીરનાં અન્ય બધા જ ભાગોની સરખામણીએ નબળી રહી ગઈ. મહાભારતના યુધ્ધમાં કૃષ્ણના નિર્દેશથી ભીમે દુર્યોધનની જાંઘો ઉપર જ ગદા પ્રહાર કર્યો અને દુર્યોધનનો વધ કર્યો.

જે લોકોની કુદરતે દૃષ્ટી છીનવી લીધી છે તે લોકોને કુદરત અન્ય ઈન્દ્રીયોમાં વધારે શક્તિ આપી હોય છે. કુદરત મનુષ્ય પાસેથી કંઈક છીનવી લે છે તો બદલામાં કઈક આપે છે. ગાંધારીએ તો સ્વેચ્છાએ આંખે પાટા બાંધી લીધા હતા. માત્ર ગાંધારી જ નહિ, આ જગતમાં કંઈ કેટલાયે મનુષ્યો પોતે જાતે, સ્વેચ્છાએ પોતાની આંખે પાટા બાંધી લેતા હોય છે. આમ કરવાથી તેઓ પોતાની જાતને સમાજથી, કુટુંબથી, મિત્રોથી, આસપાસ બનતી ઘટનાઓથી, સમસ્યાઓથી અલિપ્ત રાખવાનો જાણી જોઈને પ્રયત્ન કરે છે. આ પ્રકારના લોકો 'ના દેખવું અને ના દાઝવું'ની ફિલસૂફી અમલમાં મૂકીને સમસ્યાઓથી ભાગતા ફરે છે. હકીકતમાં આ પ્રકારના લોકો સમસ્યાથી છટકી શકતા નથી, સમય એવો આવે છે કે વ્યક્તિએ ગાંધારીની જેમ આંખેથી પાટા છોડવા પડે છે અને ત્યારે બહુ મોડુ પણ થઈ ગયું હોય છે.

માતા ગાંધારીએ પોતાના પુત્ર દુર્યોધનનાં જ શરીરમાં પોતાની સંચિત શક્તિ સંચરિત કરવાનું શા માટે વિચાર્યું ? દુર્યોધન સિવાયના ગાંધારીને નવ્વાણુ પુત્રો હતા છતાં દુર્યોધન જ શા માટે ? દુર્યોધન જયેષ્ઠ પુત્ર હતા એટલે ? સો પુત્રોમાં દુર્યોધનને સૌથી વધારે બુધ્ધિશાળી, શક્તિશાળી અને બહાદુર માનતા હતા એટલે ? સાચો જવાબ તો મહર્ષિ વેદવ્યાસ અને માતા ગાંધારી પાસે જ હોય. દુર્યોધન સેનાના મુખ્ય સેનાપતી હતા, દુર્યોધન થકી કૌરવોનું અસ્તિત્વ હતું. દુર્યોધન કૌરવ સેનાનું મુખ્ય પ્રેરણાબળ હતા. દુર્યોધન થકી જ મહાભારતનું યુધ્ધ થયું હતું. દુર્યોધનમાં શક્તિ સંચરિત થાય તો એ પરોક્ષ રીતે કૌરવ સેનાના એક એક યોધ્ધામાં એ શક્તિ સંચરિત થઈ શકે એમ હતી. દુર્યોધન સમગ્ર કૌરવસેનાની શક્તિનું સ્ત્રોત હતા અને કદાચ એટલે જ માતા ગાંધારીએ સ્ત્રોતમાં જ શક્તિ સંચરિત કરવાનો નિર્ણય કર્યો હોય. સ્ત્રોત શક્તિશાળી હોય તો એ સ્ત્રોત દ્વારા શક્તિ અને પ્રેરણા મેળવનાર સૌ કોઈ શક્તિશાળી બની શકે. એક માતાનું કર્તવ્ય આ જ પ્રકારનું હોય - સ્ત્રોતને શક્તિશાળી અને મજબૂત બનાવવાનું. પુત્રની શક્તિનું સ્ત્રોત માતા અને પિતા હોય છે. જે પુત્ર કુટુંબની ધુરા સંભાળી શકે, જે પુત્ર કુટુંબના શક્તિનો સ્ત્રોત બની શકે, જે પુત્ર કુટુંબનો વિકાસ કરી શકે, જે પુત્ર કુટુંબનું રક્ષણ કરી શકે એ પુત્રને વધુ શક્તિશાળી બનાવવાની માતા-પિતાની ફરજ બને છે.

સમાજની દરેક વ્યક્તિ ભલે જીવનની બધી જ સમસ્યાઓથી નહીં તો પણ કોઈ ને કોઈ સમસ્યા પ્રત્યે તો આંખ આડા કાન કરવા માટે આંખે પાટા બાંધી જ લેતી હોય છે. આ પ્રકારની વૃતિથી વ્યક્તિ ક્યારેય પણ સમસ્યાથી છટકી શકે નહિ. વ્યક્તિ જો એમ માનતી હોય કે સમસ્યાઓથી દૂર ભાગવાથી, આંખે પાટા બાંધવાથી પોતે પોતાની શક્તિઓ સંચિત કરીને અન્ય સારા માર્ગે એ શક્તિઓનો ઉપયોગ કરી શકશે તો એ વ્યક્તિની ભૂલ છે. દરેક વ્યક્તિ પાસે આંખે પાટા બાંધવાના ગાંધારી જેવા કારણો ના હોઈ શકે. દરેક વ્યક્તિ આંખે પાટા બાંધીને માતા ગાંધારી ના થઈ શકે. દરેક વ્યક્તિની પડખે કૃષ્ણનું પીઠબળ ના હોઈ શકે. દરેક વ્યક્તિ પોતાની સંચિત શક્તિઓ ( જો હોય તો ) પોતાના વારસદારોમાં સંચરિત કરવા માટે માતા ગંધારીની જેમ શક્તિમાન નથી હોતી. આપણે આપણી ભીતર નજર કરીએ કે આપણે આપણી આંખે પાટા બાંધ્યા છે ? જો હા તો મોડું થાય એ પહેલાં, સમસ્યા ઘેરી વળે એ પહેલાં પાટા છોડી કાઢીએ અને આપણે જો શક્તિમાન હોઈએ તો આપણા કુટુંબના મોભી, રક્ષક અને પ્રેરણાસ્ત્રોતના તન અને મનમાં શક્તિનો સંચાર કરીએ.



શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, વિશ્વશાંતિ કેન્દ્ર રજત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, કરજીસણનો ૪૦મો પાટોત્સવ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજની અધ્યક્ષતામાં ભારે દબદબાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પર્યાવરણ શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે અહીં શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીરૂપ ૨૪૦ વર્ષ પુરાણા અને જેમાં કડવાશ નથી એવા વરખેડા વૃક્ષનું જતન કરવામાં આવી રહ્યું છે. આચાર્ય સ્વામીજી મહારાજે આ પ્રસંગે ભાવિકોને આશીર્વાદ પાઠવતાં ગ્રામ વિસ્તારોમાં વૃક્ષો વાવવા, ઉછેર કરવા તથા પુરાણાં વૃક્ષોનું જીવની જેમ જતન કરવાની હાકલ કરી હતી.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**'મારા પ્રેમાળ પાડોશી'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે